

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

આવે છે તાળવે શબ્દો તોય જીભ સીવી લઉં છું,
આવી જાય છે કંઠે પ્રાણ છતાંય જીવી જાઉં છું,
ડરી જાઉં છું હવે હું મારા જ પડછાયાઓથી -
દેખાય દૃશ્યો હૃદયના પર્દે છતાંય ટીવી થઉં છું.

હાઈકુ

સહો સિતમ
જીવનમાં જરૂરી
'સહનશક્તિ'

બધા રોગોની
છે એકમાત્ર દવા
પી જાવ મૌન

### ચિંતન

*સંચિન્ત્ય સંચિન્ત્ય જગત સમસ્તંમ્ । ત્રયો પદાર્થો હૃદયંમ્ પ્રવિષ્ટો : ।*
*ઈક્ષો વિકારાઃ કૃત્યઃ કવી નામ, મુગ્ધા અંગના પાંગંગ તરંગિગતાનિ ॥*

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

આખા જગતમાં, શોધી શોધી તારવેલા ત્રણ પદાર્થો મારા હૃદયમાં પ્રવેશી ગયા છે. એક : મિષ્ઠાન ભોજન. બે : કવિની મધુર રચનાઓ અને ત્રણ : મોહિત કરનાર સુંદર સ્ત્રીના નયન કટાક્ષો... ભૌતિક જીવનના એશ-આરામ સિવાય કોઈ ધ્યેય નહીં ધરાવનાર મનુષ્યોને પોતાના જીવનની નાવને કઈ તરફ લઈ જવાની છે. એની ખબર જ નથી. પછી સુકાનની સમજ - જરૂર - હેતુ - મહત્વ તો ક્યાંથી હોય ? જીવનનો હેતુ ખબર જ હોય તો કેમ - કેવી રીતે જીવવું એની પણ ખબર ન પડે. જીવનમાં મોજમજા અને વાસના તૃપ્તિનું જ મહત્વ નથી. આધ્યાત્મિક જીવનમાં શારીરિક તંદુરસ્તી, તપોમય જીવન અને વૈરાગ્યનું અતિ મહત્વ છે. મિષ્ઠાન ખાનારા સેંકડો ડાયાબિટીસના દર્દીઓ જીવનની લલિતકલા અને વાસનાથી મુક્ત થતા નથી. સંયમી જીવનનું મહત્ત્વ સમજવું જરૂરી છે.

### સુવિચાર

- ઈચ્છાઓ રાખીએ એમાં કશું ખોટું નથી. આપણાં પૂરતા સાધનો અને સુવિધામાં પણ કોઈ પ્રોબ્લેમ નથી. દરકાર એટલી જ રાખવાની હોય છે કે
  આપણો મોહ આપણાં દુ:ખનું કારણ ન બને - **ક્રિશ્નકાંત ઉનડકટ**
- અંધેરે મેં ભટકને વાલા તારા હૂં, સપ્તઋષિઓં કા પ્યારા હૂં,
  અંધેરો સે લડકર એક રોજ, ચમકનેવાલા સિતારા હૂં...!! - **શ્યામ સાધુ**
- પોથી પઢે એ પંડિત, પોથી બોલે એ વક્તા, જયારે પોથી જીવે એ 'સંત'!! - **જનકલ્યાણ**
- માણસ આજકાલ દુ:ખની ફરિયાદો કરી રહ્યો છે
  કારણ કે તે બે વસ્તુની દૂર થઈ રહ્યો છે, સાદાઈ અને સંતોષ - **એસ. ભટ્ટાચાર્ય**
- સદાચારથી વિરોધીઓ તાબે થાય છે - **હદીસ બોધ**
- આશાવાદી ચિંતન તમને ભયના વિસ્તારમાંથી બહાર કાઢી કદરના વિસ્તારમાં મકે છે - **માર્થાબેક**
- આજનું ઔષધ : કુંવારપાઠાનું જેલ એક ચમચીમાં પા ચમકી સૂંઠ અને અડધી ચમચી ખાંડ મીક્સ કરી ખાવાથી હેડકી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સમ્રાટથી માંડીને સામાન્યમાં સામાન્ય માનવી ગૌતમ બુદ્ધનું પ્રવચન સાંભળવા મોટી સંખ્યામાં ભેગા થયા હતા. પ્રવચન પૂર્ણ થતાં સૌ કોઈ વિખરાઈ ગયા, પરંતુ એક નાગરિક બેસી રહ્યો. તે ભગવાન બુદ્ધ પાસે ગયો. અને એણે પૂછ્યું. 'આપનો ઉપદેશ સાંભળવા વિરાટ જનસમૂહ આવે છે. સૌ કોઈ આપનું પ્રવચન એક ધ્યાનથી સાંભળે છે અને સમજે છે. ગુણવાન બનવાની આપની વાતનો સર્વથા સ્વીકાર કરે છે. મને અફસોસ એ વાતનો થાય છે કે આપના ઉત્તમ ઉપદેશનો વિશાળ જનસમુદાયને ગ્રહ્ય થાય છે. પણ શા માટે માત્ર થોડા વ્યક્તિઓ આપના ઉપદેશનું આચરણ કરે છે ? મોટા ભાગના તો એક કાને સાંભળીને બીજા કાને કાઢી નાખે છે.' ભગવાન બુદ્ધે કહ્યું, 'એનાથી મને કોઈ ફરક પડતો નથી.' નાગરિકે કહ્યું, 'મને એમ થાય છે કે આમ થાય તો આપને જરૂર નિરાશા થતી હશે ? કે આ બધું શા માટે ? આવી નિરાશાને પણ અવગણીને આપ તો અટક્યા વગર સતત ઉપદેશ આપ્યા કરો છો. આવું કેમ ?' ભગવાન બુદ્ધે કહ્યું, 'ભાઈ, મારું કામ તો પ્રજાને, દેશ, કાળ કે જાતિના મર્યાદિત બંધનથી પર થઈ આધ્યાત્મિક સાધનાના આર્યસત્યનો ઉપદેશ આપવાનું છે. ઉપદેશ આપતી વખતે હું કદી ચિંતા કરતો નથી કે મારો ઉપદેસ સરફ થશે કે નિષ્ફળ જશે ? ઉપરદેશકનો ધર્મ તો પ્રેરણા અને જીવનસત્ય આપવાનો છે. પ્રવચનની સફળતાની કામના રાખવાનો નથી. માટે પ્રવચનની સફળતાનો વિચાર કરનાર કદી સંત હોતો નથી.'

# સિદ્ધાંતનિષ્ઠ નગરસેવકોની જરૂર છે

**તંત્રીસ્થાનેથી...**

ગાંધીનગર પાટનગર બન્યું તે પછી વર્ષો સુધી એનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક હતો. પાટનગરને પણ પાલિકા મળવી જોઈએ એવા આગ્રહ સાથે સ્વ. પ્રેમશંકર ભટ્ટની આગેવાની હેઠળ લાંબી કાયદાકીય લડત ચાલી હતી તે પછી નગરપાલિકા પ્રાપ્ત થઈ હતી. વિશેષ દરજ્જાને કારણે વસતિ ઓછી હોવા છતાં એને મહાનગરપાલિકાનું સ્ટેટ્સ અપાયું ત્યારે પ્રજાકીય અપેક્ષાઓ ઘણી વધી જાય તે સ્વાભાવિક છે. ગ્રીન સીટીનું બહુમાન પામેલું રાજધાનીનું શહેર છેલ્લા અગિયાર વરસથી મહાનગરપાલિકા ધરાવતું હોવા છતાં નાગરિકોની એ અપેક્ષાઓ ફળી નથી. ઊલટાનું ઘણાનો તે એણ જ લાગે છે કે વહીવટ રાજ્ય સરકાર હસ્તક હતો ત્યારે જે સુવિધાઓ અને સ્વચ્છતા જળવાતી એમાં સતત ઘટાડો થતો રહ્યો છે. રાજધાનીના આ નગરની મોટી વોટબેંક કોંગ્રેસ હસ્તક રહેતી આવી છે પરંતુ છેલ્લાં વર્ષો દરમિયાન કોંગ્રેસના ચૂંટાયેલા ઉમેદવારોને તોડી ફોડીને ભારતીય જનતા પાર્ટી મહાનગરપાલિકા પર કબજો જમાવતી રહી છે. લોકોને રાજકીય પક્ષોમાં આ કોઠા કબાડાં અને સત્તાની હેરાફેરીના ખેલ ગમતા નતી. જયારે પોતાના વોટથી ચૂંટાયેલ ઉમેદવાર રાજકીય સ્વાર્થથી પ્રેરાઈને સામી પાટલી પર બેસી જાય છે ત્યારે મતદારોને એવા ઉમેદવારોને વોટ આપીએ તોય શું ને ના આપીએ તોય શું - એવો વિષાદ થતો હોય છે. કોંગ્રેસ તરફી મતદાતાઓને કોંગ્રેસ સાચવી શકતી નથી, એણે જાણે સત્તા પર આવવાની ઈચ્છા જ નથી રહી. બીજી તરફ ભારતીય જનતા પાર્ટી માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે - આખા ગુજરાતમાં બાકીના તમામ મહાનગરપાલિકાઓ રંગેચંગે જીતનાર શાસક પક્ષ રાજધાનીમાં જ દર વખતે માર ખાતો રહ્યો છે. એ પછી જુદા જુદા હઠકંડા અપનાવી સત્તા હસ્તગત કરે છે ખરો, પણ એને એટલી તો ખબર છે કે ગાંધીનગરના મતદાતાઓ સાચો વિશ્વાસ એ જીતી શકેલ નથી. અલબત, એની સંગઠન શક્તિ અને બૂથ સુધીની પહોંચ દાદ માગી લે છે. કોંગ્રેશ દેશ આખામાં શતમુખ વિનિપાતના આરે પહોંચી ગયેલ પાર્ટી હોવા છતાં ગાંધીનગર મહાનગરપાલિકામાં મહત્વનું પરિબળ છે. એના માટે હવે આ અસ્તિત્વની લડાઈ છે. આગામી વિધાનસભાની ચૂંટણી પૂર્વે એ ગાંધીનગરની મહાનગરપાલિકાની સત્તા અંકે કરે એમ છે. પરંતુ નેતૃત્વના શૂન્યવકાશ જેવી સ્થિતિમાં એનું વલણ નિરુત્સાહી રહ્યું છે. એના વિકલ્પે આમ આદમી પાર્ટીએ ભારે જોમ અને જુસ્સાપૂર્વક 'એન્ટ્રી' મારી છે. સુરતમાં મળેલ નોંધપાત્ર સફળતા પછી ગાંધીનગરમાં સારો દેખાવ કરી શકે તો આગમી વિધાનસભાની ચૂંટણી વખતે એ જરૂર મતદારો માટે ત્રીજો વિકલ્પ બની શકે. ખરી સમસ્યા મહાનગરપાલિકાના અર્ધદગ્ધ શાસનની છે. સરકાર હસ્તક વહીવટ હતો એનાં કરતાં પ્રજાકીટ વહીવટ વધુ સુવિધાપૂર્ણ બનવો જોઈએ એને બદલે ગટરો, રસ્તાઓ, પાણીના પ્રશ્નો વગેરે બાબતોમાં તંત્ર ખાડે જઈ રહ્યું હોય એવી પ્રતીતિ થતી રહી છે. ગંદકીના ઢગલા ખડકાતા રહે છે. અને શહેરને મળેલ 'ગ્રીન સીટી' નો ખિતાબ પણ દિનપ્રતિદિન ઝંખવાઈ રહ્યો છે. જાગૃત મતદારો આ બધી બાબતોને ધ્યાને લઈ યોગ્ય ઉમેદવારો અને યોગ્ય રાજકીય પક્ષને પસંદ કરે અને પોતાના મતાધિકારનો સદુપયોગ કરે, મોટી સંખ્યામાં મતદાન કરી રાજધાનીને લાયક એવી મહાનગરપાલિકા આપે - એવી અપેક્ષા અસ્થાને નહીં લેખાય.

# જે પીડ પરાઈ જાણે રે....



**આરપાર**
રાઘવજી માધડ

વૈષ્ણવજનતો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે....આ ભજન ગાંધીજીને પ્રિય હતું.તેથી ગાંધી જન્મ જયંતી નિમિતે, બાપુને ભાવાંજલિ અર્પવા માટે આ ભજનની પ્રસ્તુતિ થાય છે. હવેતો આ ભજન, અન્ય ભાષાઓમાં વિવિધ સૂરસાધકોના સ્વરમાં સાંભળવા મળે છે. પરંતુ કલાને વરેલી, ગાંધીનગરની કલાગુર્જરી સંસ્થા દ્વારા દર વરસે, જે પીડ પરાઈ જાણે રે... શીર્ષક અંતર્ગત, બાપુને ભાવાંજલિ અર્પવા કાર્યક્રમ યોજવામાં આવે છે. તેમાં ગુજરાતના નિમંત્રિત સુપ્રસિદ્ધ કલાકારો સ્વર પ્રસાદી પીરસતા હોય છે.

-એકતો પ્રભાતનો પ્રગટતો પ્હોર હોય,વનરાજી વચ્ચેનું આહલાદ્ક વાતાવરણ અને તેમાં સપ્તરંગી સૂરોનું સાયુજ્ય રચાતું હોય...ત્યારે પ્રકૃત્તિ પણ ભાવાવરણમાં ભોળવાઈ એક ચિત્તે થઈ ગઈ હોય એવું લાગે. આ લ્હાવો લીધા પછીનો નશો શબ્દસ્થ કરવા કદાચ શબ્દનો પનો ટૂંકો પડે ! પણ આયોજકોને ગાંધીવાદ !

આ નિમિતે ગાંધીજી અંગેના એકાદ એવા અજાણ પ્રસંગથી ભાવાંજલિ આપવાનો મારો પ્રયાસ છે... ગાંધીજી પાલિતાણાથી મોટર માર્ગે પાંચ તલાવડા ગામ થઈ અમરેલી જવાના હતા.રસ્તામાં લાઠી આવતું હતું. તેથી લાઠી ગામના રામજીભાઈના કહેવાથી વળતા મહાદેવભાઈનો સંદેશ આવ્યો :'બાપુ, દસેક મિનિટ લાઠીના વણકરવાસમાં રોકાશે !' ગાંધીજી લાઠી પધારવાના છે...જેના લીધે ગામજનોએ સાગમટે અગતો પાળ્યો હતો. ગામની ભજન મંડળી ઢોલને વાજા વગાડતી સત્કારવા સામે ગઈ હતી. ગાંધીબાપુ વણકરવાસના નાકે ઊભા રહ્યા.સાથે છોટાલાલ અને મહાદેવભાઈ પણ હતા.વાસના નાકા પર ઊંચા વાંસ પર ત્રિરંગો ઝંડો ફરકાવેલો જોઈ બાપુની આંખમાં ચમક આવી ને હૈયું ગદગદિત થઈ ઉઠ્યું.

ખાદીના તાકા ગોઠવીને ખાસ બેઠક કરવામાં આવી હતી.તેમાં ગામના આગેવાનો સમેત લાઠી દરબારના મેનેજર પણ બેઠકમાં જોડાયા. સૂતરની આંટીથી બાપુનું સ્વાગત કરવામાં આવ્યું. તેથી ભાષણમાં બાપુ બોલ્યા હતા :'ખાદી વણો અને આ રામજી જેવું કામ કરો.'

આઝાદીની આહલેક ગામડા સુધી પહોંચી ગઈ હતી.તેથી અડખેપડખેના ગ્રામજનો ગાંધીજીના દર્શને ઉમટ્યા હતા.ભીડ વચ્ચે ગાંધીજીને મળવું અશક્ય જણાતા રામજીભાઈ ગાડીમાં બેસી ગયા હતા અને ચિતળ ના સ્ટેશને મળ્યા હતા. ત્યારે બાપુ સાથે છોટાલાલ જૈન અને નરહરિભાઈ પરીખ હતા.તેમાં જૈન, આશ્રમનું ખાદીકામ સંભાળતા હતા.આ વેળા ચિતળ ગામના મહાજનો બાપુ માટે દૂધ લઈને આવ્યા હતા.પણ બાપુએ દુધનો પ્યાલો રામજીભાઈ સામે ધરીને કહ્યું હતુંઃ 'લે રામજી, દૂધ પી !'

મહાજનોમાં ધીમા ગણગણાટ અને તર્કવિતર્ક વચ્ચે રામજીભાઈની ઓળખ ઉપરતળે થાવા લાગી હતી.પછી બાપુએ કહ્યુંહતુંઃ 'રામજી! અમરેલી વિસ્તારમાં વણાટકામ ચાલતું હશે, આશ્રમમાં રહેલું સૂતર વણી ન શકાય ?' આશ્રમમાં લાંબા સમયથી ઘણું સૂતર પડ્યું હતું. પ્રમાણમાં બગડી પણ ગયું હતું.પછી બાપુના કહે વાથી આ સૂતર લાઠી મગાવી લીધુંહતું. રામજીભાઈએ પોતાનો કસબ કામે લગાડી સૂતરને સુધાર્યું, વણ્યું ને કાપડ તૈયાર કરી વેચી નાખ્યું. તેની રકમ આશ્રમમાં મોકલી આપી હતી. રામજીભાઈના આ કાર્યથી ગાંધીજી અતિ પ્રસન્ન થયા હતા. તેથી મગનલાલ ગાંધીએ આવા અજોડકામની કદરરૂપે પાંચ તોલા ચાંદીના ચાંદથી રામજીભાઈને નવાજ્યા હતા.પછીતો બાપુના આદેશથી તેમનું કુંટુંબ અમદાવાદ આશ્રમમાં આવીને વસ્યું હતું.

ભાષણ દરમ્યાન બાપુની નજર સામે બેઠેલી વણકર બહેનો પર પડતા તેઓ એકાએક અટકી ગયા હતા ને પછી કોઈજાતની ચોખવટ વગર બોલ્યા હતા : 'આ ભાર કાઢી નાખવો જોઈએ.' શેનો ભાર !? બાપુ સાવ મભમ જ બોલ્યા હતા.સભા વિસામણમાં મૂકાઈ ગઈ હતી. સભામાં રીતસરનો સોંપો પડી ગયો હતો. એકબીજાના મોં સામે વકાસી રહ્યા હતા.બાપુને પૂછાયતો નહી !બાપુ તો વાણીયાગત વાપરીને એકએક શબ્દ જોખીતોળીને બોલે. પણ રામજીભાઈના ઘરવાળાં ગંગાબહેન બાપુનો ઈશારો પામી ગયાં હતાં. તેમણે ઊભાં થઈ પોતાના કાનમાં પહેર્યા હતાં તે સોનાના વેઢલા કાઢ્યા ને કોઈ કહે, સમજે એ પહેલા જ બાપુના ચરણોમાં ધરી દીધા હતા. આ હતો ગાંધીજીનો પ્રભાવ અને સ્વભાવ !

નોંધ : આ વિગત 'ગાંધીજીનો અક્ષરદેહ' એપ્રિલ ૫, ૧૯૨૫માં દર્શાવી છે.

**છેલ્લે :**

ગોડસેની ત્રણ ગોળી સિવાય ગાંધીજીના હૃદય સુધી કોણ પહોંચી શક્યું છે !
(કવિતાની પંક્તિ)

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# સ્કૂલ, ટ્યુશન ક્લાસિસ, મંદિરો અને તહેવારો = કોરોનાની ત્રીજી લહેર



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

વિશ્વભરમાંથી કદાચ કોરોનાનો ભય અને આતંક હવે ઓછો થઈ રહ્યો છે. આમ જોઈએ તો આ સારી વાત છે. પણ ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં લોકો ધીમે ધીમે કોરોનાને સાવ ભૂલી રહ્યા છે. બધુ જ હવે સામાન્ય સ્થિતિમાં આવી રહ્યું છે. લોકો પોતાના કામ ધંધે, નોકરીએ લાગી રહ્યા છે. પણ આપણે એ ના ભૂલવું જોઈએ કે કોરોના અભી જીન્દા હૈ, કોરોના હજી ગયો નથી. કેરલ, મહારાષ્ટ્રમાં કોરોના ધૂમ મચાવી રહ્યો છે. અને આ સ્થિતિ ગુજરાતમાં ગમે ત્યારે આવી શકે છે. કેમ કે સૌથી પહેલા તો મોટાભાગના લોકોએ હવે માસ્ક પહેરવાનું બંધ કરી દીધું છે. પહેરે છે તો દાઢીએ લટકાવીને રાખે છે. નાક અને મોં ખૂલ્લા હોય છે. વળી સોશ્યિલ ડિસ્ટન્સ તો હવે બિલકુલ રહ્યું જ નથી. ચારેતરફ ભીડ ઉભરાઈ રહી છે. બજારો, હૉટેલો, રેસ્ટોરન્ટ ફૂલ થઈ રહ્યા છે. અને મૉલ ફરીથી ધમધમવા લાગ્યા છે.

મને લાગે છે કે માત્ર ત્રણ ચાર મહિના પહેલાની સ્થિતિ લોકો સાવ ભૂલી ગયા છે. તમામ હોસ્પિટલો ફૂલ હતી, ઈન્જેકશનો અને ઓક્સિજનના બાટલા ખુંટી ગયા હતા. શ્મશાન ગૃહોમાં અગ્નિદાહ માટે લાંબી લાઈનો હતી. સંતરા અને લીંબુના ભાવમાં બસો ગણો વધારો થઈ ગયો હતો. ચારેબાજુ અફરાતફરીનો માહોલ હતો. એક-એક ઘરમાં કોરોનાના એક બે કેસ હતા. સૌના મનમાં મૃત્યુનો માહોલ અને ભય હતો. આ બધુ ત્રણ ચાર મહિનામાં જ ગાયબ ? આપણે આટલા બધા બેદરકાર કેવી રીતે બની શકીએ ? સરકારે તો સ્થિતિ રાબેતા મુજબ કરવી પડે, સ્કૂલ, કૉલેજો કે ક્લાસિસો કે ધાર્મિક સ્થળોને ખોલવાની મંજુરી આપવી પડે, પણ એના નિયંત્રણો આપણે જાતે રાખીને કેમ ના રહીએ ?. આજે બધી જ સ્કૂલો ફરીથી શરું થઈ ગઈ છે. શહેરમાં ટ્યુશન કલસિસો ફરી ધમધમવા લાગ્યા છે. કેટલાક ક્લાસિસોમાં તો વળી સ્કૂલો કરતાંય વધુ હજારો વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતા હોવાથી એક એક ક્લાસમાં ઠાંસી ઠાંસીને વિદ્યાર્થીઓને ભરવામાં આવે છે. જેની જાણ તેમના વાલીઓને હોતી નથી. વળી ક્લાસિસોમાં કોઈ સિસ્ટમ નહીં હોવાને કારણે ક્લાસ છૂટતી વખતે એક સાથે હજારો વિદ્યાર્થીઓ એકબીજાને અથડાતા,મસ્તી કરતા, શોર બકોર કરતા બહાર નીકળે છે. અને સાહજિક છે કે કિશોરાવસ્થામાં આવેલા આ વિદ્યાર્થીઓને કોરોનાની ગંભીરતા ના જ હોય. પણ ક્લાસિસોના સંચાલકોએ તો આ બાબતે ગંભીરતાથી વિચારવું જોઈએ. અને જ્યા સુધી કોરોના સંપૂર્ણ નાબૂદ ના થાય ત્યાં સુધી સરકારે દરેક સ્કૂલ તથા ક્લાસિસોમાં એક બેન્ચ ઉપર માત્ર બે જ વિદ્યાર્થીઓ અને એક ક્લાસમાં માત્ર દસ બેન્ચ રાખવાનો નિયમ કરવો જોઈએ. જેથી ભીડ ના થાય. અને સ્કૂલ કે ક્લાસિસોની બહાર નીકળતી વખતે પણ એક લાઈનમાં સોશ્યિલ ડિસ્ટન્સ રાખીને ધીમે ધીમે બહાર નીકળવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. જો આમ નહીં થાય તો આવનારા સમયમાં સ્કૂલો અને આવા ક્લાસિસો કોરોનાનું એ.પી. સેન્ટર બનશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

ધાર્મિક સ્થાનોમાં ખાસ કરીને મંદિર મસ્જિદોમાં ફરી લોકોની શ્રદ્ધા જાગૃત થઈ ગઈ છે. શ્રદ્ધા હોવી સારી વાત છે પણ જે શ્રદ્ધાથી કોરોના ફેલાવવાનો ભય હોય તો તેવી શ્રદ્ધાને રોકવી જરૂરી બને છે. આજે ચારેતરફ મંદિરોમાં ભીડ એકઠી થઈ રહી છે. લોકો અંધશ્રદ્ધા લઈને ધાર્મિક સ્થાનોની પરિક્રમા, લાંબા લાંબા પગપાળા પ્રવાસો કરી રહ્યા છે. સરકારી અને પ્રાઈવેટ બસોમાં પેસેન્જરો ઠાંસી ઠાંસીને ભરવામાં આવી રહ્યા છે. કોરોનાનો ક્યારે વિસ્ફોટ થાય એની જ બસ રાહ જોવાઈ રહી છે. ફરી કેસો વધે અને સરકારે ફરી આ બધુ બંધ કરવાની ફરજ પડે એના કરતા લોકો જાતે સમજીને પોતાના ઉપર નિયંત્રણો રાખે એ વધુ જરૂરી છે. એક બે વર્ષ માનતા, બાધા આખડી નહીં રાખીએ તો કશું જ લૂંટાઈ જવાનું નથી. અનેક મંદિરોની નાની નાની જગ્યાઓમાં હજારો લોકોની ભીડ પણ ત્રીજી લહેર લાવવામાં મદદરૂપ બની શકે છે. વળી હજી સૌથી મોટું જોખમ નવરાત્રીમાં છે. કેમ કે આપણી પ્રજા ઉત્સવ પ્રિય છે. જાનના જોખમે પણ ઉત્સવો મનાવવા જોઈએ એવું માને છે. અને તેથી જ ઈતિહાસમાં જોઈ શકીએ છીએ કે પ્રજા વર્ષભરમાં અનેક તહેવારો ઉજવતી ગઈ અને આપણા દેશ ઉપર વિદેશી આક્રાંતાઓ, મોગલો અને અંગ્રેજો આવીને આપણને ગુલામ બનાવતા રહેલા. સતત તહેવારો ઉજવવાને બદલે રાષ્ટ્રની સુરક્ષા બાબતે વિચાર્યું હોત તો આજે હિંદુસ્તાન દુનિયામાં નંબર વન હોત.

કોરોના એ અદૃશ્ય દુશ્મન છે. અને હજી આપણી આસપાસ જ છે. આપણા શહેરમાં ક્યાંક તો છે જ. આપણે એ ના ભૂલવું જોઈએ કે ફેબ્રુઆરી – ૨૦૨૦માં સૌથી પહેલો કોરોનાનો એક જ કેસ કેરળમાં શરું થયો હતો. અને પછી ધીમે ધીમે રોજના સો, પાંચ સો, પાંચ હજાર અને પાંચ લાખે આંકડો પહોંચેલો. તેથી જો તમારા શહેરમાં કે વિસ્તારમાં જો કોરોનાનો એકાદ પણ કેસ છે તો ચેતીને રહેજો. કહેવાય છે કે આ વખતે કોરોના બાળકોને પોતાનો શિકાર બનાવશે. કેમ કે બાળકો જ સ્કૂલો તથા ટ્યુશન ક્લાસિસોમાં બેફિકર બનીને ફર્યા કરે છે.

ભલે સરકાર દ્વારા ૬૫ કરોડ ઉપરનું વેક્સિનેશન થઈ ગયું છે. પણ છતાંય વેક્સિનના બન્ને ડોઝ લીધા હોવા છતાંય લોકોને કોરોના થયો હોવાની ઘટનાઓ બની છે. બહાર ફરવા માટે સૌ જઈ રહ્યા છે. પ્રવાસના સ્થળો બધા ફાઉસફૂલ છે. ઘર હોવા છતાંય ઘરનું મૂકીને સૌ એ બહારનું જમવાનું શરું કરી દીધું છે. આ બધુ આપણે હજીયે થોડા સમય માટે કેમ ના ટાળી શકીએ ? સરખી રીતે સૌ ને શાંતિથી જો જીવવાનું મળતું હોય તો હજી એકાદ વર્ષ સાવચેતી રાખીને રહેવામાં શું વાંધો છે ? હજી થોડો સમય બિનજરૂરી બહાર ના જઈએ, મોજશોખ ના કરીએ, તો શક્ય છે કે ત્રીજી લહેરને આવતા રોકી શકાશે. પણ બધાય એવું વિચારશે કે આપણા એકથી ક્યા આવવાની છે ? તો પછી કોરોનાએ તો હવે ત્રણ મહિનાનો આરામ કરી લીધો છે. હવે ફરીથી એ તો પુરી તાકાતથી આક્રમણ કરવા તૈયાર જ છે. અને આ વખતે સૌથી મોટું જોખમ બાળકો ઉપર હોવાનું મનાય છે. વાલીઓએ આ બાબતે અત્યારથી સ્કૂલ, ટ્યુશન ક્લાસિસમાં જતા બાળકોને સમજાવીને સુરક્ષિત રીતે મોકલવા જોઈએ અને એકાદ બે વાર સ્કૂલ, ક્લાસિસ છૂટવાના સમયે સ્થળ ઉપર જઈને જાતે નિરીક્ષણ કરવું જોઈએ. જેથી દરેક બાળક કોરોનાથી બચી શકે.

નવરાત્રીમાં પણ મોટા પાર્ટીપ્લોટોની નવરાત્રી આ વર્ષે નથી થવાની એ આવકારદાયક નિર્ણય છે. પરંતુ શેરી અને સોસાયટીની ગરબીઓ તો થવાની જ. અને હવે તો સરકારે પણ મંજૂરી આપી દીધી છે. તેથી આવી ગરબીઓમાં પણ કોરોનાની સરકારી ગાઈડ લાઈન પ્રમાણે યોજાય એ વધુ હિતાવહ છે. નહિતર પાંચ દસ વ્યક્તિની બેદરકારી લાખો કરોડો લોકોને ભોગવવી પડશે. બધા સર્વે પણ એવું કહે છે કે નવરાત્રી આસપાસ કોરોનાની ત્રીજી લહેર આવવાની શક્યતા છે. પણ જો આપણે સૌ એક સાથે સાવધાની રાખીને રહીશું તો કોરોનાની ત્રીજી લહેર ક્યારેય આવી નહીં શકે. અને બહું જલદીથી જન જીવન પૂર્વવત શરું થઈ જશે. બસ, હવે આ એકાદ બે મહિના જ સાચવી લેવાના છે. આ નવરાત્રી અને એ દિવાળી જો સાવચેતીમાં વિતાવી દીધા તો કોરોના સામેનો જંગ અવશ્ય જીતી જવાશે. વળી હવે કોરોના જવાની તૈયારીમાં પણ છે, ડરનો માહોલ વિખેરાવા લાગ્યો છે. પરંતુ હવે જો આ સમય થોડી બેદરકારી દાખવી તો હવે સૌ કોઈને ભારે પડવાની છે.

-9426060601.india@gmail.com

# ઇંતેજાર : ફળ કરતાં વધુ મીઠી છે એની ફીલિંગ....!



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

'ઇન્તેહા હો ગઈ ઇંતેજાર કી... આઈ ના કુછ ખબર મેરે યાર કી...' શરાબી ફિલ્મનુ આ ફેમસ સોંગ આજે પણ એટલું જ લોકપ્રિય છે પણ આ ગીત એના સંગીત કે કિશોર-આશાની ગાયકીથી વધુ યાદગાર છે એના શબ્દો માટે..! ગીતમાં ગીતકારે જે રાહ જોવાના અને પછી એ ઇંતેજારની ઘડીઓ ખતમ થયા પછીના મીલનની મોજનું મસ્ત વર્ણન કર્યું છે અને એ એટલું તાદશ છે કે કોઈ પ્રિયજન... કોઈ ઘટના... કોઈ પરિશ્થિતીની વેઈટ કરતાં કે રાહ જોતાં કોઈપણ માટે એ એકદમ બંધબેસતું છે. ઘણીવાર આપણે વાંચતાં કે સાંભળતા હોઈએ છીએ કે 'ઇંતેજારનો અંત...' પણ એ ઇંતેજારની શરૂઆત કે ઇંતેજાર વખતનો સમયગાળો ઇંતેજારના અંત કરતાં પણ વધુ મહત્વનો... ભાવુક અને વિતાવવામાં અઘરો હોય છે એ તો ઇંતેજાર કરનારને જ ખબર હોય. 'સબર કા ફલ મીઠા' કહેતી વખતે સબર કરતી વખતે જે મનોસ્થિતિ કે માઈન્ડ સેટ હોય છે એનાથી જ તો સબર પછી મળતા ફલ કે પછી ઇંતેજાર પછી થતાં મીલન ની મજા બેવડાઈ જતી હોય છે.

' યે ઇંતેજાર કે લમહે બડે અજીબ હોતે હૈ, સિને કી જગહ આંખો મે દિલ ધડકતે હૈ ' ! ઇંતેજાર બોલે તો રાહ જોવાનું જેના નસીબમાં વધુ લખાયેલું હોય છે એ પ્રેમીપંખીડા માટે આ ઇંતેજાર વારંવાર વપરાતો શબ્દ છે અથવા તો એમ કહો ને કે પ્રેમીયુગલોનો આ ફેવરિટ શબ્દ છે..!!' કિતના ઇંતેજાર કરવાયા ??' થી લઈને 'રાહ જોઈ જોઈ ને થાક્યો / થાકી ' આવા વાક્યો પ્રેમમાં પડેલા માટે કોમન છે. એવું નથી કે માત્ર મિલન માટેની પ્રતિક્ષા કરતી વખતે પસાર થયેલા સમયને ઇંતેજારમાં ગણી શકાય પણ એનાથી વિરુધ્ધ કોઈ છોડીને ગયું હોય એના પાછા આવવાના સમયગાળાને પણ ઇંતેજારમાં ગણી શકાય. હા એ વાત અલગ છે કે ભલે બંને વખતના ઇંતેજારનો સમયગાળો જુદો હોય પણ બંનેનો હેતુ તો એક જ રહેવાનો અને છે ' મિલન'. યસ, ઇંતેજાર પછીના ખુશનુમા મૌસમની આલબેલ એટ્લે મિલન ની મધુરપ. આ મધુરપ જ તો છે કે જેને લીધે ઇન્સાન ઇંતેજારના આકરા તાપને પણ જીલી શકે છે. આ મિલન જ છે કે જેના વરસવાની રાહમાં ઇન્સાન ઇંતેજારનો આકરો ઉનાળો પણ સહી લે છે અને એ પણ હકીકત છે કે મિલનની મજા એટલી જ વધારે આવવાની જેટલો વધારે ઇંતેજાર...!

અચ્છા આગળ આપણે વાચ્યું એમ 'સબર કા ફલ મીઠા હોતા હૈ' એ વાત તો સાચી પણ સબર અને ઇંતેજારમાં શું ફરક ? હવે તમે એમ કહેશો કે ભૂરા બન્ને એક જ અલ્યા.....સેમ ટુ સેમ જ કહેવાય...! તો તમારો જવાબ ટોટલ એટ્લે ટોટલ ખોટ્ટો જ....! ના સમજાયું ? ઇંતેજાર એટ્લે કે કોઈની રાહ જોવામાં ઇંતેજારી તો હોય જ છે પણ સાથે સાથે બેસબરી પણ હોય છે. જેને કહેવાય ને કે ઇંતેજાર કરતી વખતે અથરાઈ અથવા તો શુધ્ધ ગુજરાતીમાં અધીરાઈનું પ્રમાણ વધી જાય છે. જરાક દરવાજો ખખડે તો પણ એમ થાય કે ઇંતેજાર ખતમ થયો...!!! વારેવારે ઘડિયાળમાં નજર નખાઈ જાય અને બોલાઈ પણ જાય કે ' અરે અર્ધો કલાક થઈ ગયો '. ઇંતેજારીમાં તો એક મિનિટ પણ યુગ જેવી લાગવા માંડે..! ( ઓહહ આ તો શાયરાના થઈ ગયું !) . આટલી બધી અધીરાઈ કરતી વખતે પણ આપણે જાણતા તો હોઈએ જ છીએ કે માનો કે કોઈની રાહ જોઈએ છીએ તો કાઈ અધીરાઈ કરવાથી એ ઝડપથી આવી નથી જવાનું કે કોઈ ઘટનાની રાહ જોતી વખતે એ ઘટના એના સમયે જ થવાની હોય છે. જો કે આવું જાણવા છતાં પણ આપણી અધીરાઈ ઓછી ના થાય તો સમજવું કે ઇંતેજારમાં સબર બિલકુલ નથી. સબર બોલે તો શાંતિથી રાહ જોવી. ખબર જ હોય કે આપણી ઉતાવળથી કશું વહેલું થવાનું નથી અને જે થવાનું છે કે આવવાનું છે તે એના સમયે જ આવવાનું કે થવાનું છે તો પછી ઉતાવળ કરીને કોઈ ફાયદો ખરો ? એટ્લે જ તો સબર કા ફલ મીઠા કહેવાય છે અને 'ઉતાવળે આંબા ના પાકે' એમ કહેવાય છે. સબર અને ઇંતેજારમાં બીજો ફરક એ છે કે સબર માં સમયની કોઈ સીમા નથી હોતી. શાંતિથી હાથ-પગ જોડીને બેસી રહેવું પડે અને રાહ જોઈ રાખવી પડે કેમકે એ ઘટના, વ્યક્તિ કે સંજોગ એના સમયે જ થવાનું. કહેવાય તો ઇંતેજાર જ પણ જરા શાંતિવાળો. ઇંતેજારમાં શું છે કે મોટાભાગે કોઈ ટાઈમ લિમિટ ફિક્સ હોય. જેમ કે કોઈ મળવા આવવાનું હોય તો સમય હોય કે પાંચ વાગે આવું છુ. મતલબ કે પાંચ વાગ્યા પછી આવવાની આશા છોડી શકાય. અથવા તો પાંચ સુધી આગમનની અધીરાઈ ના રાખો તો પણ ચાલે.

' મુજે ખબર થી મેરા ઇંતેજાર ઘરમે રહા, યે હાદ્સા થા કી મૈ ઉમ્રભર સફર મે રહા !' ઇંતેજારનો જાદુ ગણો તો જાદુ કે એની અસર ગણો તો અસર પણ એ એવી છે કે ઇંતેજાર અને અધીરાઈ બન્ને એકબીજાના પૂરક જ બની જાય છે. કોઈપણ ઇંતેજારમાં ગમે એટલી સલાહ આપો કે સધિયારો પણ રાહ જોનાર ક્યાં ગણકારવાનો ? કારણ ? કારણ એટલું જ કે ઇંતેજારની સાથે સાથે અધીરાઈ ભળે એનું કારણ એ કે ઇંતેઝાર સાથે સંવેદના અને લાગણીઓ ઉમેરાઈ એટ્લે એ ઇંતેજાર ખરેખર અધીરાઈવાળો જ બને. ઘણા જોવા ખાતર રાહ જોતાં હોય છે અને આવી રાહો જોવામાં કોઈ ફિલિંગ કે લાગણી જોડાયેલી હોતી નથી એટ્લે શું છે કે રાહ જોનાર તો ઠીક પણ જે ઘટના / વ્યક્તિ ઇંતેજાર પછી આવે એની પણ કોઈ ઉત્તેજના રહેતી નથી. આપણે વાત પ્રેમના ઇંતેજાર કે કોઈ ઘટનાના ઇંતેજારની કરી પણ આ બે સિવાય પણ ઇંતેજારના ઘણા બધા પ્રકારો હોય છે!! ક્યારેક કોઈનો ઇંતેઝાર પ્રેમમાં થતો હોય છે, કોઈના આવવાની રાહ જોવી એ પણ ઘણીવાર પ્રેમનો જ એક પ્રકાર – પ્રેમની જ એક અનુભૂતિ બની જતી હોય છે. તો કોઈવાર કોઈની ચિંતામાં પણ ઇંતેજારની ઘડીઓ લંબાઈ જતી હોય છે આવું જ કઈક કોઈના પર ગુસ્સો આવે અને એ ગુસ્સો ઠાલવવા માટે જે તે વ્યક્તિનો ઇંતેજાર પણ થતો હોય છે. ક્યારેક વ્યગ્રતામા, ક્યારેક કોઈને બતાવી દેવાના અભિમાનમા, ક્યારેક શું હશે એની ઉત્સૂકતામા, ક્યારેક કેવું હશે એની જીજ્ઞાસામા, ક્યારેક બીમારીની પીડામા, ક્યારેક કોઈને મનાવવાના ઇંતેઝારમાં તો ક્યારેક કોઈથી રિસાવવાના ઇંતેજારમાં... લિસ્ટ લાંબુ થઈ શકે એમ છે અને હા સાથે સાથે એ પણ હકીકત છે કે જેમ દરેક ઇંતેજારનો પ્રકાર જુદો જુદો છે બિલકુલ એમ જ દરેક ઇંતેજારની પરિશ્થિતિમાં ભાવ પણ અલગ અલગ રહેવાનો... એ ઇંતેજારની રીત પણ અલગ અલગ રહેવાની અને સૌથી અગત્યનું આગળ લખ્યું એમ ઇંતેજાર ઇંતેજારે માનસિકતા - ઇંતેજારની તીવ્રતા પણ અલગ રહેવાની.

ઇંતેજાર આપણાં જીવનનો એક અહમ હિસ્સો છે અને રહેવાનો છે એટલું જ નહીં પણ ઇંતેજાર વગરની જિંદગી ખાંડ વગરની ચા જેવી ફિક્કી લાગવાની. દરેક ઇંતેજાર જરૂરી નથી કે સારા ફળ લઈને જ આવે, એમ છતાં પણ આપણને ઇંતેજાર કરવો ગમે છે. પ્રેમી ને પ્રેમિકાનો....પત્નીને પતિનો....બાળકને માં-બાપનો...પરિક્ષાર્થીને પરિણામનો....નોકરિયાતને પગારનો....!!!! આજના ટેક્નોલોજિકલી એડવાન્સ યુગમાં પણ ભલે ને એક જ વિડીયો કોલથી હજારો કિલોમીટરની દૂરી ઝીરો થઈ જતી હોય તો પણ એ વિડીયો કોલની રિંગનો ઇંતેઝાર કરવો ગમે છે....ગમે છે કે નહીં...??? આપણા જીવનમાં રોજજે રોજ આ ઇંતેજાર માટેનો સમય આવે જ છે અને આમ જોઈએ તો જિંદગીનો ઘણો સમય રાહ જોવા માં વેડફાઈ જતો હોઈ છે. જો કે રાહ જોવામાં જે મજા છે એમાં ડર, રોમાંચ, આતુરતા, ઉત્સુકતા, નારાજગી, ચિંતા, હઠ, પ્રેમ,.......ઓર ના જાણે ક્યાં ક્યાં ભાવોની આવન-જાવન થતી રહે છે અને એટ્લે જ તો ઇંતેઝાર કા ફલ મીઠા હોય કે ના હોય પણ ઇંતેજાર ઓલવેયઝ મીઠો હોય છે જ.

(akurjt@gmail.com)